| | | |
|---|---|---|
| રજુ તારીખ | :– | ૦૫/૦૨/૨૦૨૫ |
| દાખલ તારીખ | :– | ૦૫/૦૨/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | :– | ૧૦/૦૪/૨૦૨૬ |
| સમય ગાળો | :– | વર્ષ માસ દિવસ |
| | | ૦૧ – ૦૨ – ૦૫ |

## FORM-A

| | |
|---|---|
| **મે. ખેડા જીલ્લાનાં પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ : નડીઆદ.** | |
| **ચુકાદાની તા.૧૦-૦૪-૨૦૨૬** | |
| **સેશન્સ કેસ નં. ૨૦/૨૦૨૫** | |
| **ગુનો:**-નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૪૦૪૭૨૩૦૧૯૦/૨૦૨૩, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબ. | |
| **ફરિયાદી** | સરકાર શ્રી |
| **ફરિયાદી તરફે** | વિ. એડી. પી. પી. શ્રી એન.એસ.રોહીત |
| **વિરુદ્ધ** | |
| **આરોપી** | **૧. નાનીબેન વા/ઓ વિક્રમભાઈ જયંતિભાઈ તળપદા,** ઉ.વ.૪૫, રહે. : રામતલાવડી, વસાહત પાછળ, સોળ હજાર ગેટ, નહેર નાળા પાસે, નડીઆદ, તા.નડીઆદ, જિ.ખેડા |
| **આરોપી તરફે** | વિ.વ.શ્રી જી.એસ.ઠાકોર |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૧૩.૦૬.૨૦૨૩ |
| **એફ.આઇ.આર.ની તારીખ** | ૧૪.૦૬.૨૦૨૩ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૨૬.૧૦.૨૦૨૩ |
| **તહોમતનામુ ફરમાવ્યા તારીખ** | ૦૬.૦૯.૨૦૨૫ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૧૦.૦૨.૨૦૨૬ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | |
| **ચુકાદાની તારીખ** | ૧૦.૦૪.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો.** | |

| **આરોપીની માહિતી** | |
|---|---|
| **આરોપી** | **૧. નાનીબેન વા/ઓ વિક્રમભાઈ જયંતિભાઈ તળપદા,** ઉ.વ.૪૫,<br>રહે. : રામતલાવડી, વસાહત પાછળ, સોળ હજાર ગેટ, નહેર નાળા પાસે, નડીઆદ, તા.નડીઆદ, જિ.ખેડા |
| **ધરપકડની તારીખ** | તા.૧૪.૦૬.૨૦૨૩ |
| **જામીન ઉપર છુટવાની તારીખ** | |
| **ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબ |
| **નિર્દોષ કે દોષિત** | નિર્દોષ |
| **સજા લાદવામાં આવી** | |
| **કલમ ૪૨૮ ક્રિમીનલ પ્રોસીજર કોડના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** | |

## FORM–C

### પ્રોસીકયુશન / ડીફેન્સ / કોર્ટનાં સાક્ષીઓની યાદી

### A. પ્રોસીકયુશન:–

| રેન્ક | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| **૧.** | યાસીનભાઈ યુનુસભાઈ વ્હોરા | **પંચ સાહેદ** | **૧૧** |
| **૨.** | મોહસીન અનવરમીયા મલેક | **પંચ સાહેદ** | **૧૩** |
| **૩.** | અ.પો.કો. જયેશકુમાર વાલજીભાઈ રબારી | **ફરિયાદી** | **૧૪** |
| **૪.** | વુ.અ.પો.કો. સાધનાબેન હિંમતસિંહ વણઝારા | **સાહેદ** | **૧૭** |
| **૫.** | અ.પો.કો. હિરેનકુમાર જયંતિભાઈ પટેલ | **સાહેદ** | **૧૮** |
| **૬.** | વુ.હે.કો. જુગલબેન જયંતિભાઈ ભોઈ | **પી.એસ.ઓ.** | **૨૧** |

| | | | |
|---|---|---|---|
| ૭. | પી.આઈ. શ્રી કેવલ રમેશભાઈ વેકરીયા | **સાહેદ** | **૨૩** |
| ૮. | અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકી | **ચાર્જશીટ કરનાર** | **૨૫** |
| ૯. | પી.આઈ.શ્રી રણજીતસિંહ શરદસિંહ રાજપૂત | **ત. ક. અમલદાર** | **૨૬** |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો:-**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઇ હોય તો:–**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

**પ્રોસીકયુશન / બચાવપક્ષ/કોર્ટના આંકની સુચિ.**

**A. પ્રોસીકયુશન:-**

**(બ) દસ્તાવેજી પુરાવાઓ:-**

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી જયેશકુમાર વાલજીભાઈની ફરિયાદ | **૧૫** |
| ૨. | મુદ્દામાલ પંચનામું | **૧૨** |
| ૩. | એફ.એસ.એલ. અધિકારી, ખેડા–નડીઆદનું પ્રાથમિક સર્ટિફિકેટ | **૧૯** |
| ૪. | આરોપી નાનીબહેનના ઘરનો કરેલ ઝડતી ઠરાવ | **૨૪** |
| ૫. | એફ.એસ.એલ. અધિકારીને આપેલ મુદ્દામાલ મળવા બાબતની પહોંચ | **૨૦** |
| ૬. | મોબાઈલ નંબરોનું સી.ડી.આર. ફોર્મની નકલ તથા કોલ ડીટેલ | **૨૭** |
| ૭. | સ્ટેશન ડાયરીની ખરી નકલ | **૨૨** |

**B. બચાવપક્ષ:-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| | | |

**C. કોર્ટથી આંક:-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| | | |

**D. મટીરીયલ ઓબ્જેકટસ:-**

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટસ | વિગત |
|---|---|---|
| **1.M.O.1** | **૧.** | ગેલન-૦૧ |
| **2.M.O.2** | **૨.** | પ્લાસ્ટિકની કોથળીમાં દાણાદાર સફેદ પાવડર |
| **3.M.O.3** | **૩.** | પ્લાસ્ટિકની કોથળીમાં દાણાદાર પીળો પાવડર |
| **4.M.O.4** | **૪.** | પ્લાસ્ટિકની કોથળીમાં દાણાદાર સફેદ પાવડર |
| **5.M.O.5** | **૫.** | કાચની શીશી-૦૧ |
| **6.M.O.6** | **૬.** | પ્લાસ્ટિકની ડબ્બી-૦૧ |
| **7.M.O.7** | **૭.** | પ્લાસ્ટિકની ડબ્બી-૦૧ |
| **8.M.O.8** | **૮.** | પ્લાસ્ટિકની ડબ્બી-૦૧ |

**– :: ચુ કા દો ::–**

(૧) આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓનું તહોમત છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

આ કામે અ.પો.કો. જયેશકુમાર વાલજીભાઈ રબારી તથા અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકીને ખાનગી બાતમીદારથી સંયુક્ત બાતમી મળેલ કે, નડીઆદ, રામતલાવડી, વસાહત પાછળ, નહેર નાળા પાસે રહેતી નાનીબેન વિક્રમભાઈ તળપદા નાઓ પોતાના રહેણાંક ઘરે ચોપી છુપીથી તાડીના નામે કેમિકલ જેવો પદાર્થ પાણીમાં ભેળવી પ્રવાહી તૈયાર કરી તાડીનું વેચાણ કરે છે. જેથી પોલીસના માણસો અને પંચો સાથે બાતમીવાળી જગ્યાએ જઈ,

તપાસ કરતા, એક બહેન હાજર હોય તેમનુ નામઠામ પુછતા તેણીએ પોતાનુ નામ નાનીબેન વા/ઓ વિક્રમભાઇ જયંતિભાઈ તળપદા, રહે.નડીઆદ, રામતલાવડી, વસાહત પાછળ, સોળ હજાર ગેટ, નહેર નાળા પાસે તા.નડીઆદ, જિ.ખેડા હોવાનું જણાવેલ અને તેણીના રહેણાંક ઘરમાં અંદરની રૂમમાં તપાસ કરતા એક પ્લાસ્ટિકનું ગેલન મળી આવેલ જેમાં આશરે ૫ લીટર જેટલુ પ્રવાહી ભરેલ હતુ. જેમાંથી પુષ્કળ વાસ આવતી હોય જે પ્લાસ્ટીકના ગેલનમાં રહેલ કુલ ૫ લીટર કેમીકલયુકત તાડી કબજે કરેલ. ત્યારબાદ સદર બહેનને તાડી કેવી રીતે બનાવો છે તેમ પુછતા તેણીની તેના ઘરમાંથી સંતાડી રાખેલ પ્લાસ્ટીકની ત્રણ કોથળીઓ લઈ આવેલ. જેમાં એક કોથળીમાં ડુપ્લીકેટ તાડી બનાવવાનો કેમિકલયુક્ત દાણાદાર પદાર્થ સફેદ કલરનો પાવડર, બીજા કોથળીમાં પીળા કલરના દાણા અને ત્રીજી કોથળીમાં સફેદ દાણા મળી આવેલ. જેમાં સફેદ કલરના દાણાદાર પદાર્થ ઉપર જે.એમ.એમ.સી. સાઈટ્રીક એસિડ લખેલ હતુ. જેથી આરોપીએ કેમિકલથી બનાવેલ નશાયુક્ત પ્રવાહી માનવ શરીરને નુકશાનકારક હોય તથા તેને પીવાથી મૃત્યુ પણ થઈ શકે તેવુ જાણતા હોવા છતા ઈરાદાપૂર્વક પોતાના આર્થિક ફાયદા સારુ વગર પાસ પરમીટે કેમિકલ પાવડર તથા દાણામાંથી કેમિકલયુક્ત પ્રવાહી તાડી બનાવી વેચાણ કરતા ગુનો કરતા ફરિયાદીએ સદર બનાવની ફરિયાદ નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં આપેલી.

(૩) સદરહુ ફરિયાદ નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૪૦૪૭૨૩૦૧૯૦/૨૦૨૩ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે હાલના ગુનાની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા તેઓના વિરુદ્ધ વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી , નડીઆદ નાઓની કોર્ટમાં ઉપરોક્ત શિક્ષાપાત્ર ગુનાઓનું ચાર્જશીટ દાખલ કરેલ અને આરોપી નાગરાજ ઉર્ફે સંદિપભાઈને નાસતા ફરતા આરોપી તરીકે બતાવેલા.

(૪) આરોપીને સમન્સની બજવણી થતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા વિદ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, નડીઆદ નાઓએ આરોપીને ધી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૨૩૦ (ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૨૦૭) અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડ્યા બાદ આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવાની સત્તા સેશન્સ અદાલતને હોય સદરહુ કેસ ધી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૨૩૨ (ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૨૦૯) અન્વયે સેશન્સ કમિટ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સદરહુ કેસ સેશન્સ કમિટ થઈ આવતા સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે.

(૫) આરોપીને સમન્સની બજવણી થતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા આરોપી વિરુદ્ધ આંક–૦૭ થી ઉપરોક્ત શિક્ષાપાત્ર ગુનાઓનું તહોમતનામુ ફરમાવવામાં આવતા આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક–૨૮ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૭) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ધી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૩૫૧ (ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૩૧૩) અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તેમના વિરુદ્ધના ઈન્ક્રીમીનેટીંગ સંજોગો અને પુરાવાનો ઈન્કાર કરી તેઓએ કહેવાતો ગુનો આચરેલ નથી અને ખોટી હકીકતોવાળી ફરિયાદના આધારે ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનો બચાવ લીધેલ છે.

(૮) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી વિ.એડી.પી.પી.શ્રી એન.એસ.રોહીત તથા આરોપી તરફે વિ.વ.શ્રી જી.એસ.ઠાકોરની દલીલો સાંભળી.

(૮.૧) વિદ્વાન એડી.પી.પી.શ્રી એન.એસ.રોહીત તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ

સંહિતાની કલમ–૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબના આક્ષેપિત ગુનાઓનું તહોમત છે. ફરિયાદપક્ષ તરફથી આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે કુલ–૦૯ મૌખિક પુરાવાઓ તેમજ કુલ–૦૭ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરિયાદી અ.પો.કો. જયેશકુમાર વાલજીભાઈ રબારીએ આંક–૧૪, સાહેદ વુ.અ.પો.કો. સાધનાબેન હિંમતસિંહ વણઝારાએ આંક–૧૭, સાહેદ અ.પો.કો. હિરેનકુમાર જયંતિભાઈ પટેલએ આંક–૧૮, સાહેદ પી.આઈ.શ્રી કેવલ રમેશભાઈ વેકરીયાએ આંક–૨૩ થી તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપેલ છે. આ સાહેદોની ઉલટ તપાસમાં તેઓનાં પુરાવાનું ખંડન થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

પંચ સાહેદ યાસીનભાઈ યુનુસભાઈ વ્હોરાએ આંક–૧૧ અને પંચ સાહેદ મોહસીન અનવરમીયા મલેકે આંક–૧૩ નાં પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. પરંતુ ફરિયાદપક્ષ તરફથી પી.આઈ.શ્રી કેવલ રમેશભાઈ વેકરીયાનાં આંક–૨૩ ના પુરાવાથી પંચનામું સાબિત કરેલ છે. વધુમાં વિદ્વાન એડી.પી.પી.શ્રી એન.એસ.રોહીત તરફથી એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે ચાર્જશીટ કરનાર અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકી આંક–૨૫ ના અને તપાસ કરનાર અમલદાર પી.આઈ.શ્રી રણજીતસિંહ શરદસિંહ રાજપૂત આંક–૨૬ ના પુરાવામાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. આમ, ફરિયાદપક્ષના તમામ સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકતો હોય આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલો કરેલ છે.

(૮.૨) બચાવપક્ષનાં વિ.વ.શ્રી જી.એસ.ઠાકોર તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ અને પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)

(એ), ૮૧ મુજબનું તહોમત છે. આ કામે ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ સાહેદો છે. પંચોએ પંચનામાની હકીકતને કે મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વધુમાં, આ મુદ્દામાલ લગભગ ૧૭ દિવસ બાદ તપાસ અર્થે એફ .એસ.એલ. અમદાવાદ ખાતે મોકલવામાં આવેલ છે. ૧૭ દિવસ સુધી મુદ્દામાલ કોની કસ્ટડીમાં હતો તે અંગેનો કોઈ જ આધારભુત પુરાવો રેકર્ડ ઉપર નથી. આ કામે ફરિયાદપક્ષ મુદ્દામાલની ચેઈન ઓફ કસ્ટડી પણ સાબિત કરી શકતો નથી. તેમજ આ કામે મુદ્દામાલ ના.કોર્ટ રૂબરૂ રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી જી.એસ.ઠાકોર તરફથી એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન જે મકાનમાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ તે મકાન કોની માલીકી અને કબજા ભોગવટાનું હતુ તેનો કોઈ જ પુરાવો મેળવી તપાસનાં કામે સામેલ રાખેલ નથી. ફરિયાદપક્ષ આરોપીની આ મકાનની માલીકી અને કબજો ભોગવટો સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે કોઈ જ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા દલીલો કરેલ છે.

(૯) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અને બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા, આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ઓ ::-**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામના આરોપીએ બનાવની તારીખ, સમય અને સ્થળે એક પ્લાસ્ટિકની કોથળીમાં કેમિકલ પાવડર અને પીળા તથા સફેદ કલરના દાણાદાર કેમિકલ પદાર્થ,

વિશિષ્ટ વાસ ધરાવતા લાવી તેનો ઉપયોગ કરી માનવશરીરને નુકશાનકારક તથા તેના સેવનથી માણસનું મૃત્યુ પણ થઈ શકે એવુ જાણતા હોવા છતા તેનો ઉપયોગ કરી તાડી બનાવી, કેમિકલયુક્ત બનાવટી પ્રવાહી (તાડી) તથા કેમિકલ પાવડર તથા પીળા દાણા અને સફેદ દાણાદાર કેમિકલ પદાર્થ પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમિટે રાખી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**(૧૧)** પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ તરફથી પંચ સાહેદ યાસીનભાઈ યુનુસભાઈ વ્હોરાને સાહેદ નં.૧, આંક–૧૧ અને સાહેદ મોહસીન અનવરમીયા મલેકને સાહેદ નં.૨, આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે અને આંક–૧૨ થી પંચનામુ રજૂ કરવામાં આવેલ છે. આ બંને પંચ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો આ બંને પંચ સાહેદો માત્ર તૈયાર પંચનામાંમાં સહી કરેલ હોવાનો પુરાવો આપે છે તે સિવાય પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન આપતા નથી. વિ. એડી.પી.પી.શ્રી તરફથી આ બંને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટ તપાસ પણ કરેલ છે તેમ છતાં ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૧૨ નું પંચનામુ તેમજ સ્થળ ઉપરથી મુદ્દામાલ

તાડી તથા દાણાદાર કેમીકલ પદાર્થ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોવાની હકીકત સાબિત કરી શકતો નથી.

(૧૨) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી ફરિયાદી સાહેદ નં.૩ અ.પો.કો. જયેશકુમાર વાલજીભાઈ રબારીને આંક–૧૪, સાહેદ નં.૪ વુ.અ.પો.કો. સાધનાબેન હિંમતસિંહ વણઝારાને આંક–૧૭, સાહેદ નં.૫ અ.પો.કો. હિરેનકુમાર જયંતિભાઈ પટેલને આંક–૧૮, સાહેદ નં.૭ પી.આઈ. કેવલ રમેશભાઈ વેકરીયાને આંક–૨૩, સાહેદ નં.૮ અ.હે.કો. મહાવીરસિંહ કાળભા સોલંકીને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. આ પાંચેય સાહેદો રેઈડમાં સાથે ગયેલ હતા અને પાંચેય સાહેદોનો પુરાવો મહદઅંશે એક સરખો છે તેથી એક જ હકીકતોનું પુનરાવર્તન અટકાવવાના હેતુથી આ પાંચેય સાહેદોનાં પુરાવાની ચર્ચા એક સાથે કરવી જરૂરી સમજુ છે.

(૧૨.૧) આ પાંચેય સાહેદોનાં પુરાવા મુજબ તા.૧૪.૦૬.૨૦૨૩ના રોજ તેઓ ખાનગી વાહનમાં નડીઆદ પશ્ચિમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન પો.કો. જયેશકુમાર તથા મહાવીરસિંહને સંયુક્ત બાતમી મળેલ કે રામ તલાવડી કેનાલ પાસે રહેતી નાનીબેન વિક્રમભાઈ તળપદા પોતાના રહેણાક મકાનમાં તાડીના નામે કેમિકલ પદાર્થ પાણીમાં ભેળવી પ્રવાહી તૈયાર કરી તાડીનું વેચાણ કરે છે. જેથી તેઓ પોલીસના માણસો તથા પંચો બાતમીવાળી જગ્યાએ ગયેલા અને ઘરે જતા એક બાઈ હાજર હતા. ત્યારબાદ ઝડતી અંગેનો ઠરાવ કરેલો અને હાજર બાઈનું નામઠામ પંચોની હાજરીમાં પુછતા તેણીએ પોતાનું નામ નાનીબેન વિક્રમભાઇ તળપદા હોવાનું જણાવેલુ. ત્યારબાદ તેણીના રહેણાક મકાનની આજુબાજુમાં તથા ઘરમાં ચેક કરતા એક રૂમમાંથી એક ૫ લીટરનું ગેલન મળી આવેલુ જે પંચો રૂબરૂ સુંધી સુંઘાવી જોતા તેમાં પુષ્કળ વાસ આવતી હતી જેથી તે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ. વધુમાં આ સાહેદો એવો પુરાવો આપે છે કે ત્યારબાદ ઘરમાં તપાસ કરતા પીળા કલરના દાણા તથા સફેદ કલરના દાણાદાર પાઉડર મળી આવેલો. જે કેમિકલયુક્ત પાવડર હતો અને તે

કેમિકલયુક્ત પાઉડર સુંઘી જોતા તેમાંથી પુષ્કળ વાસ આવતી હતી અને તે પંચનામાની વિગતે કબજે કરેલ. આ ઇસમ પાસે પાસ પરમીટ માગતા નહીં હોવાનું જણાવેલુ. આ કેમિકલયુક્ત પાવડર અને તાડી માનવ જીવનને નુકશાનકારક હતુ. ત્યારબાદ આ મુદામાલ એલ.સી.બી. કચેરીએ લઇ આવેલા અને આરોપીને પણ લઇ આવેલા. ત્યારબાદ આ મુદ્દામાલનું એલ.સી.બી. કચેરીમાં વજન કરવામાં આવેલુ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીને પરીક્ષણ કરવા માટે સ્થળ ઉપર આવવા સંપર્ક કરતા તેઓ બીજા દિવસે સવારે આવવાનું જણાવેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી એલ.સી.બી. પોલીસ સ્ટેશન આવેલા અને તેઓએ આ મુદ્દામાલનું પરીક્ષણ કરી આ મુદ્દામાલ માનવજીવન માટે હાનીકારક હોવાનુ જણાવેલુ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીએ પંચોની હાજરીમાં સફેદ દાણાદાર પાવડરના નમુના બે અલગ–અલગ ડબ્બામાં તેમજ પીળા દાણાદાર પદાર્થના નમુના બે અલગ–અલગ ડબ્બામાં તેમજ ૫ લીટર ગેલનમાંથી ૫૦૦ એમ.એલ. જેટલુ પ્રવાહી કાચની શીશીમાં પરીક્ષણ માટે લીધેલુ. સદર મુદામાલ કાચની શીશી અને પ્લાસ્ટીકના ગેલનને સીલ કરી પંચોની સહીઓ વાળી કાપલી લગાવી પોલીસ સ્ટેશનના સીલ સિક્કા લગાવી પંચનામુ કરી કબજે લીધેલ. જે અંગે નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશન સ્ટેશન ડાયરી નં.૧૭/૨૦૨૩ થી નોંધ કરવામાં આવેલી. ત્યારબાદ પો.કો. જયેશકુમારે સરકાર તરફે હાલના બનાવની ફરિયાદ આપેલી. ફરિયાદી આંક–૧૫ ની ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે. અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકીએ આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલું.

**(૧૨.૨)** ફરિયાદી જયેશકુમાર વાલજીભાઈ રબારીની આંક–૧૪ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે ખાનગી વાહનનો કોઇ નંબર મેં ફરિયાદમાં જણાવેલ નથી. એ હકીકત પણ કબુલ કરે છે કે બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો છે અને ત્યાં આજુબાજુ બીજા રહેણાકના મકાનો આવેલા છે. એ હકીકત કબુલ

કરે છે કે પંચોના માણસોને મેં બોલાવેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ઘરની ઝડતી કરવા માટે કોઇ ઠરાવ કરવામાં આવેલ નથી.

**(૧૨.૩)** સાહેદ વુ.અ.પો.કો. સાધનાબેન હિંમતસિંહ વણઝારાની આંક–૧૭ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે ખાનગી વાહનનો કોઇ નંબર મેં મારા નિવેદનમાં જણાવેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે પંચોના નામ પણ મેં મારા નિવેદનમાં જણાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પંચનામું બનાવના સ્થળે કરવામાં આવેલુ નહીં. એ હકીકત કબુલ કરે છે કે બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો છે અને ત્યાં આજુબાજુ બીજા રહેણાકના મકાનો આવેલા છે. એ હકીકત કબુલ કરે છે કે બનાવના સ્થળે એફ.એસ.એલ. અધિકારીએ મારી હાજરીમાં કોઈ મુલાકાત લીધેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે પંચોના માણસોને મેં બોલાવેલા નહીં.

**(૧૨.૪)** સાહેદ અ.પો.કો. હિરેનકુમાર જયંતિભાઈ પટેલની આંક–૧૮ ની ઉલટ તપાસ જોવામાં આવે તો આ સાહેદની ઉલટ તપાસ પણ ઉપર મુજબ છે તેથી તેનો ફરીથી ઉલ્લેખ કરવો જરૂરી સમજતો નથી.

**(૧૨.૫)** સાહેદ પી.આઈ.શ્રી કેવલ રમેશભાઈ વેકરીયાની આંક–૨૩ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે ખાનગી વાહનનો કોઇ નંબર મેં ફરિયાદમાં જણાવેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો છે અને ત્યાં આજુબાજુ બીજા રહેણાકના મકાનો આવેલા છે. એ હકીકત કબુલ કરે છે કે પંચોના નામ ફરિયાદમાં બતાવેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે એફ.એસ.એલ. અધિકારી બનાવના સ્થળે આવેલ ન હતા. એ હકીકત કબુલ કરે છે કે સ્થાનિક પંચો ત્યાંથી મળી શકે તેમ હતા. એ હકીકત કબુલ કરે છે કે જે પંચો લેવામાં આવેલ છે તે સ્થાનિક નથી.

**(૧૨.૬)** સાહેદ અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકીની આંક–૨૫ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે

ખાનગી વાહનનો કોઈ નંબર મેં નિવેદનમાં જણાવેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો છે અને ત્યાં આજુબાજુ બીજા રહેણાકના મકાનો આવેલા છે. એ હકીકત કબુલ કરે છે કે પંચોના નામઠામ મેં મારા નિવેદનમાં જણાવેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે પી.એસ.આઇ.શ્રી આર.એસ.રાજપૂત નાઓ તરફથી મળેલ તપાસના કાગળોને આધારે માત્ર ચાર્જશીટ કરેલુ.

**(૧૩)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી પી.એસ.ઓ. વુ.હે.કો. જુગલબેન જયંતિભાઈ ભોઈને સાહેદ નં.૬ આંક–૨૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે માત્ર એટલો પુરાવો આપેલો છે કે, તા.૧૪/૦૬/૨૦૨૩ નાં રોજ તેઓ પી.એસ.ઓ. તરીકે નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હાજર હતા તે વખતે અ.પો.કો. જયેશભાઈ વાલજીભાઈનાઓની પી.આઈ.શ્રી કે.આર.વેકરીયા રૂબરૂની ફરિયાદ તેમની પાસે ગુનો દાખલ થવા આવતા તે ફરિયાદ તેઓએ ફર્સ્ટ ગુના રજી. નં.૧૯૦/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૮૧ વગેરે મુજબનો ગુનો દાખલ કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ એલ.સી.બી. પોલીસ સ્ટેશનના હે.કો. મહાવીરસિંહ કાળુભાને સોંપેલી.

**(૧૩.૧)** આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે મુદ્દામાલ પાવતી રજીસ્ટર પી.એસ.ઓ. પાસે રહેતુ હોય છે. એ હકીકત કબુલ કરે છે કે મુદ્દામાલ પાવતી મેં ફાડેલી અને તેમાં પી.એસ.ઓ. તરીકે મારી સહી છે. મને મુદ્દામાલ મળેલો. ત્યારબાદ મેં મુદ્દામાલની કસ્ટડી રાઈટર હેડને સોંપેલી. મેં મુદ્દામાલ રાઈટર હેડને સોંપેલો તે બદલ કોઈ રજીસ્ટરમાં નોંધ કરેલી નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મને કોઈ મુદામાલ મળેલ નથી.

આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ સમક્ષ ફરિયાદ દાખલ થવા આવતા તેઓએ માત્ર ગુનો નોંધેલ છે અને તે સિવાય બીજી

કોઈ જ કામગીરી કરેલ નથી. તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો ફોર્મલ પુરાવો છે.

**(૧૪)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર પી.આઈ.શ્રી રણજીતસિંહ શરદસિંહ રાજપૂતને સાહેદ નં.૯, આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો આંક–૨૬ નો પુરાવો જોવામાં આવે તો આ સાહેદે તપાસ દરમિયાન રેઈડીંગ પાર્ટીના સભ્યોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા અને આરોપી નાનીબેનની સદર ગુનાના કામે અટક કરેલ. તેમજ આ કામે મુદ્દામાલ આપનાર નાગરાજુ ઉર્ફે સંદીપભાઈની મોબાઈલ નંબરની સી.ડી.આર. મેળવવા તજવીજ કરેલ અને મોબાઈલ નંબરની સી.ડી.આર. આવતા તપાસના કામે સામેલ રાખેલ તથા કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલી આપેલ. આમ સ્પષ્ટપણે તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા તેઓએ તેમના પુરાવામાં તેઓએ કરેલ તપાસનો ચીતાર રજુ કરેલ છે.

**(૧૪.૧)** તપાસ કરનાર અમલદારની આંક–૨૬ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરે છે કે પંચનામું મારી હાજરીમાં કે રૂબરૂમાં કરવામાં આવેલ નથી. એ હકીકત પણ કબુલ કરે છે કે મેં પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

**(૧૫)** પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરિયાદી અ.પો.કો. જયેશકુમાર વાલજીભાઈ રબારીનાં આંક–૧૪, વુ.અ.પો.કો. સાધનાબેન હિંમતસિંહ વણઝારાના આંક–૧૭, અ.પો.કો. હિરેનકુમાર જયંતિભાઈ પટેલના આંક–૧૮, પી.આઈ.શ્રી કેવલ રમેશભાઈ વેકરીયાના આંક–૨૩, તથા અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકીના આંક–૨૫ ના પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે કે, આ તમામ સાહેદો રેઈડમાં સાથે ગયેલા છે અને પંચોની હાજરીમાં બનાવવાળા સ્થળે રેઈડ કરેલ છે. રેઈડવાળી જગ્યાએ આરોપી નાનીબેન વિક્રમભાઈ તળપદા મળી આવેલ છે અને તેણીના ઘરમાં

તપાસ કરતા તાડી તથા કેમીકલ પદાર્થ મળી આવેલ છે. આ તમામ સાહેદોનાં પુરાવા મુજબ આ તમામ રેઇડની કામગીરી પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે પરંતુ પંચ સાહેદો યાસીનભાઈ યુનુસભાઈ વ્હોરા તથા મોહસીન અનવરમીયા મલેકે આ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનો પુરાવો આપેલ છે. પંચ સાહેદ સ્વતંત્ર સાહેદ છે જેથી તેઓનાં પુરાવાને નહી માનવાને કોઇ કારણ નથી પરંતુ સાથેસાથે આપણા દેશમાં પંચોની ફરી જવાની પ્રક્રીયા એક સામાન્ય છે. પંચો ફરી જવાથી ફરિયાદપક્ષનો સમગ્ર કેસ ખોટો છે તેવુ માની શકાય નહી. પરંતુ ફરિયાદપક્ષ પંચનામાની હકીકતો પંચનામુ કરનાર અધિકારીના પુરાવાથી સાબિત કરવી પડે. આ કામે ફરિયાદપક્ષે પંચનામુ કરનાર અધિકારી શ્રી કેવલ રમેશભાઈ વેકરીયાનાં પુરાવાથી પંચનામાની હકીકત સાબિત કરી શકતો નથી અને તમામ સાહેદોનો પુરાવો જોતા એ હકીકત ખુબ જ સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે કે બનાવવાળી જગ્યાએ આરોપી નાનીબેન વિક્રમભાઈ તળપદા મળી આવેલ છે. આ કામે રેકર્ડ ઉપર એવો કોઈ જ પુરાવો નથી કે, આ આરોપી કહેવાતા મકાનના માલીક કે કબજેદાર કે ભોગવટેદાર હતા કે કેમ? તેઓએ તાડી બનાવેલ હતી કે કેમ? તેઓએ કેમીકલ દાણાદાર પદાર્થ બનાવેલ હતો કે કેમ? તેવા સંજોગોમાં આ આરોપી વિરુદ્ધ ફરિયાદપક્ષ કોઇ જ પુરાવો રજુ કરી શકતો ન હોય તેઓને હાલના ગુનામાં સંડોવી શકાય નહીં.

(૧૬) પ્રસ્તુત કેસમાં ફરિયાદી અને રેઈડીંગ પાર્ટીના ઉપરોક્ત તમામ સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, એકપણ સાહેદના પુરાવામાં એવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે સ્થળ ઉપરથી મુદ્દામાલનો કબજો કોણે લીધેલો અને તે મુદ્દામાલ કોને સોંપવામાં આવેલો. એ હકીકત નિ:શંક છે કે, જે કહેવાતી રેઈડ કરવામાં આવેલ છે તે રેઈડ એલ.સી.બી. ખેડા–નડીઆદ દ્વારા કરવામાં આવેલ છે. જ્યારે ગુનો નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ છે. ફરિયાદી જયેશકુમાર વાલજીભાઈ રબારીના આંક–૧૪ ના પુરાવા

મુજબ મુદ્દામાલ કઈ જગ્યાએ સોંપવામાં આવેલો તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જ્યારે સાહેદ વુ.પો.કો. સાધનાબેન હિંમતસિંહ વણઝારાના આંક–૧૭ તેમજ અ.પો.કો. હિરેનકુમાર જયંતિભાઈ પટેલના આંક–૧૮, તેમજ પી.આઈ.શ્રી કેવલ રમેશભાઈ વેકરીના આંક–૨૩ તથા અ.હે.કો. મહાવીરસિંહ કાળુભા સોલંકીના આંક–૨૫ ના પુરાવા મુજબ મુદ્દામાલનું એલ.સી.બી. કચેરીમાં વજન કરવામાં આવેલુ અને ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીને પરીક્ષણ માટે સ્થળ ઉપર આવવા સંપર્ક કરતા તેઓએ બીજા દિવસે આવવાનું જણાવેલુ . ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી એલ.સી.બી. પોલીસ સ્ટેશન આવેલા અને મુદ્દામાલનું પરીક્ષણ કરવામાં આવેલુ. તેમજ મુદ્દામાલના નમુના લેવામાં આવેલા. પરંતુ આ મુદ્દામાલ કઈ જગ્યાએ જમા કરાવવામાં આવેલો તે અંગેની કોઈજ હકીકત આ સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. ઉપરોક્ત તમામ સાહેદો રેઈડમાં સાથે ગયેલા છે અને તેઓના પુરાવા મુજબ મુદ્દામાલ તાડી અને કેમિકલયુક્ત દાણાદાર પદાર્થ કબજે કરવામાં આવેલ છે. તેમછતા આ મુદ્દામાલની કસ્ટડી કોણે લીધી હતી, આ મુદ્દામાલ કોને સોંપવામાં આવેલો હતો અને તે એફ.એસ.એલ. અમદાવાદ તરફ મોકલવામાં આવ્યો ત્યાંસુધી કોની કસ્ટડીમાં હતો તે અંગેની ચેઈન ઓફ કસ્ટડી સાબિત થતી નથી. ચોક્કસપણે પી.એસ.ઓ. વુ.હે.કો. જુગલબેન જયંતિભાઈ ભોઈ તેઓની આંક–૨૧ ની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે મુદ્દામાલ પાવતી તેઓએ ફાડેલી. તેમને મુદ્દામાલ મળેલો અને ત્યારબાદ મુદ્દામાલની કસ્ટડી રાઈટર હેડને સોંપેલી. પરંતુ તે અંગેની કોઈ નોંધ રજીસ્ટરમાં કરવામાં આવેલી નથી. આમ, આ મુદ્દામાલની કસ્ટડી બાબતે કોઈજ સચોટ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર રજૂ કરી શકતો નથી.

(૧૬.૧) આ કામે રેકર્ડ જોતા સદર કેસની કેટલીક ટ્રાયલ વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ચલાવવામાં આવેલ છે અને ઘણાબધા સાહેદોની જુબાની પણ નોંધવામાં આવેલ હતી.

પરંતુ ત્યારબાદ વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીના ધ્યાન ઉપર આવતા તેઓએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ કોર્ટને ચલાવવા માટે કેસ કમીટ કરેલ છે. વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં પણ કોઈજ મુદ્દામાલ રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં સમગ્ર સેશન્સ ટ્રાયલ દરમિયાન પણ ફરિયાદપક્ષ તરફથી કોઈજ મુદ્દામાલ રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદપક્ષને મુદ્દામાલ રજૂ કરવા માટે વારંવાર અને ઘણી બધી તકો આપેલ હોવા છતા તેઓ અદાલત રૂબરૂ મુદ્દામાલ રજૂ કરી શકેલ નથી અને ફરિયાદી અને તપાસ કરનાર અમલદાર દ્વારા તથા નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી દ્વારા મુદ્દામાલ બાબતે એકબીજા ઉપર દોષારોપણ કરવામાં આવેલ છે અને ટ્રાયલના અંત સુધી મુદ્દામાલ અત્રેની અદાલત સમક્ષ રજૂ થયેલ નથી. જે ખૂબજ ગંભીર અને બેદરકારી ભરેલ કૃત્ય પોલીસ વિભાગ તરફથી તેમજ પ્રોસિક્યુશન તરફથી કરવામાં આવેલ છે.

**(૧૬.૨)** કાયદાનો એ સુસ્થાપિત સિદ્ધાંત છે કે કોઈપણ ગુનાહીત મુદ્દામાલ કબજે કરવામાં આવે તો તે ટ્રાયલ અદાલત સમક્ષ રજૂ કરવો જોઈએ અને જે મુદ્દામાલ ટ્રાયલ અદાલત સમક્ષ ફિઝિકલી રીતે રજૂ કરી શકાય તેમ ન હોય તે મુદ્દામાલ પાવતીમાં જણાવી પાવતી રજૂ કરવી જોઈએ. આ કામે ચોક્કસપણે મુદ્દામાલ પાવતી રજૂ કરવામાં આવેલ છે. પરંતુ તમામ મુદ્દામાલ અદાલત સમક્ષ રજૂ થઈ શકે તેવો હોવા છતા તે રજૂ કરવામાં આવેલ નથી. તેથી ખરેખર મુદ્દામાલ કબજે કરવામાં આવેલો હતો કે કેમ? તે હકીકત અંગે વ્યાજબી શંકા ઉભી થાય છે.

**(૧૭)** વધુમાં આ કામે જે કહેવાતા મકાનમાંથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે કહેવાતુ મકાન આરોપી નાનીબેન વા/ઓ વિક્રમભાઈ જયંતિભાઈ તળપદાની માલીકી કબજા ભોગવટાનું હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તપાસ કરનાર અમલદારે પણ મકાનના માલીકી, કબજા ભોગવટાનો કોઇ જ પુરાવો મેળવેલ નથી. તેવા સંજોગોમાં જે કહેવાતા મકાનમાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલ છે તેનો સંપૂર્ણ માલિકી અને કબજો

ભોગવટો આરોપી નાનીબેન વા/ઓ વિક્રમભાઈ જયંતિભાઈ તળપદાનો હતો અને તેજ રીતે આ મુદ્દામાલ પણ ઉપરોક્ત આરોપીના પઝેશનમાં હતો તે હકીકત પણ ફરિયાદપક્ષ રેકર્ડ ઉપરના પુરાવાથી સાબિત કરી શકતો નથી. જયાંસુધી મકાનની માલિકી અને કબજો ભોગવટો સાબિત ન થાય અને આરોપીનાં પઝેશનમાંથી ચીજવસ્તુ મળી આવતી ન હોય પરંતુ તે મકાન કે જગ્યામાંથી મળી આવતી હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ તે મકાનની માલિકી, કબજો ભોગવટો અને ઉપયોગ આરોપીનો હતો તે હકીકત નિ:શંકપણે સાબિત કરવી પડે. પરંતુ આ કામે ફરિયાદપક્ષ આવી કોઈ જ હકીકત નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

નામ. ગુજરાત હાઈકોર્ટનાં **જુમ્માભાઈ હસનભાઈ કેસુર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૫ લો સ્યુટ (ગુજરાત) ૨૭૧૩** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકદામાં એવુ ઠરાવેલ છે કે, ''જયારે કોન્ટ્રાબેન્ડ મીટીરીયલ કોઈ બિલ્ડીંગ કે તેના મકાનમાથી મળી આવતુ હોય ત્યારે ફરિયાદપક્ષે એ પુરવાર કરવુ પડે કે આ મકાન આરોપીનાં એક્સકલુઝીવ પઝેશનમાં હતુ. વધુમાં જયારે ફરિયાદી અને તપાસ કરનાર અમલદાર એક જ હોય ત્યારે આરોપીને સજા કરવી તે યોગ્ય નથી''. હાલનાં કેસમાં પણ જે કહેવાતા મકાનમાંથી મુદ્દામાલ મળી આવેલ છે તે મકાન હાલનાં આરોપીનાં એક્સકલુઝીવ પઝેશનમાં હતુ તેવો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર નથી. તેવા સંજોગોમાં મકાનનું પઝેશન સાબિત થતુ નથી.

(૧૮) તેજ રીતે તમામ સાહેદોના પુરાવામાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે કહેવાતી રેઈડ જે જગ્યાએ કરવામાં આવેલ છે તે વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાં આજુબાજુ બીજા રહેણાંકના મકાનો આવેલા છે. તેમછતાં તપાસ કરનાર અમલદારે કોઈ જ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલા નથી. જે સાહેદોને ચાર્જશીટમાં બતાવવામાં આવેલા છે તે તમામ સાહેદો પોલીસ સાહેદો છે અને ફરિયાદપક્ષ તરફથી પણ જે સાહેદોને તપાસવામાં આવેલા છે તે તમામ સાહેદો પોલીસ સાહેદો છે. પોલીસ સાહેદો એ રસ ધરાવતા સાહેદો છે અને

તેઓને આરોપીને સજા થાય તેમાં રસ રહેલો હોય છે. તેવા સંજોગોમાં પોલીસ સાહેદોના પુરાવાનું ખુબ જ બારીકાઇથી મૂલ્યાંકન કરવુ પડે. આ કામે આજુબાજુમાંથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી અને તેમ કરીને યોગ્ય અને નિષ્પક્ષ તપાસ કરેલ નથી.

(૧૯) વધુમાં ફરિયાદપક્ષના કેસ મુજબ તેઓને બાતમી મળતા બાતમીની ખરાઈ કરી પંચોને સાથે લઈ બાતમીવાળી જગ્યાએ રેઈડ કરવા માટે ગયેલા છે. એટલે કે તમામ રેઈડીંગ પાર્ટીના સભ્યો પંચોના નામઠામ જાણતા હતા તેમછતા પંચોના કોઈ નામઠામ ફરિયાદમાં કે તેઓના નિવેદનોમાં જણાવેલ નથી. જ્યારે પંચો તેમની હાજરીમાં રેઈડ કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે અને પંચોના નામઠામ ફરિયાદ તેમજ નિવેદનોમાં જણાવવામાં આવેલ ન હોય ત્યારે પંચોની હાજરીમાં રેઈડ કરવામાં આવેલ હોવાની હકીકત અંગે વ્યાજબી શંકા ઉભી થાય છે.

(૨૦) પ્રસ્તુત કેસમાં ફરિયાદી અને પોલીસ સાહેદોના પુરાવાથી એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, જયારે મુદ્દામાલ તાડી અને કેમીકલ દાણાદાર પદાર્થ મળી આવતા એફ.એસ.એલ. દ્ધારા પરીક્ષણ કરાવવું જરૂરી હોય ત્યારે એફ.એસ.એલ. અધિકારી આવે ત્યાંસુધી પંચનામુ સ્થગીત રાખવામાં આવેલુ અને તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામા આવેલી. એટલે કે જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે જગ્યાએ તેનુ પરિક્ષણ એફ.એસ.એલ. અધિકારી દ્ધારા કરાવવુ જરૂરી હોવાથી પંચનામુ સ્થગીત રાખવામાં આવેલુ પરંતુ ફરિયાદી અને સાહેદો એવો પુરાવો આપે છે કે, ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી બીજા દિવસે એલ.સી.બી. કચેરી નડીઆદ આવેલા અને તેઓએ પ્લાસ્ટિકના ગેલનમાં ભરેલ પ્રવાહી તથા પ્લાસ્ટિકના કોથળીઓમાં રહેલ દાણાદાર કેમિકલ સફેદ પાવડર તથા પીળા કલરના દાણા તથા સફેદ દાણા વાળા પદાર્થોની તપાસણી કરી પ્રાથમિક રીતે કેમિકલયુક્ત હોવાનું જણાવેલ. એટલે કે, ફરિયાદીના પુરાવાથી એવી હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે

છે કે, એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર આવેલ નથી અને તેઓએ સ્થળ ઉપર આવીને કોઇ જ પરિક્ષણ કરેલ નથી. જયારે કોઇ ગુનાહિત ચીજવસ્તુ સ્થળ ઉપર મળી આવતી હોય ત્યારે તેનુ પરીક્ષણ સામાન્ય સંજોગોમાં સ્થળ ઉપર કરાવવુ જરૂરી છે અથવા તો તેને યોગ્ય રીતે સીલ કરી પોલીસ સ્ટેશનમાં લઇ જવુ જોઇએ પરંતુ આ કામે એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ ઉપર કોઇ જ પરિક્ષણ કરેલ નથી. એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, મુદ્દામાલ સીલ કરી પોલીસ સ્ટેશન લાવવામાં આવેલ નહી એટલે કે જે મુદ્દામાલ સ્થળ ઉપરથી પોલીસ સ્ટેશન લાવવામાં આવેલ છે તે સીલબંધ હાલતમાં લાવવામા આવેલ ન હતો અને એફ.એસ.એલ. અધિકારીએ જે પરિક્ષણ કરેલ છે તે મુદ્દામાલ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ હતો કે કેમ તે અંગેનો કોઇ જ આધારભુત પુરાવો રેકર્ડ ઉપર નથી. વધુમાં, એફ.એસ.એલ. અધિકારીએ પણ આ પરિક્ષણ પંચોની હાજરીમાં કરેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર નથી. આમ, ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ યોગ્ય રીતે, સ્થળ ઉપર સીલ કરવામાં આવેલ નથી અને તે કોની કસ્ટડીમાં હતો તે અંગેનો કોઇ જ સુસંગત, આધારભૂત અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર નથી. તેવા સંજોગોમાં મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી પણ સાબિત થતી નથી. ફરિયાદી અને તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા મુદ્દામાલ કોની કસ્ટડીમાં હતો તે અંગે અસંગત પુરાવો આપે છે તેમજ મુદ્દામાલ કોને હેન્ડઓવર કરવામાં આવેલો અને એફ.એસ.એલ.માં કઇ રીતે મોકલવામાં આવ્યો તે અંગેનો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર નથી. તેવા સંજોગોમાં આ મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી યોગ્ય રીતે સાબિત થતી નથી. વધુમાં, ફરિયાદપક્ષના કેસ મુજબ કહેવાતો મુદ્દામાલ તા.૧૩/૦૬/૨૦૨૩ નાં રોજ કબજે કરવામાં આવેલ છે જયારે આ મુદ્દામાલ રવાનગી પત્રકથી એફ.એસ.એલ. અમદાવાદ તરફ મોકલ્યા બાબતેનો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ નથી. જયારે એફ.એસ.એલ. અમદાવાદની

આંક–૨૦ ની મુદ્દામાલ મળ્યાની પંહોચ જોતા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ચાર સીલબંધ પેકેટ તપાસ અને પૃથ્થકરણ અર્થે તા.૦૧/૦૭/૨૦૨૩ નાં રોજ મળેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને મુદ્દામાલ જમા કરાવનાર શ્રી મહાવીરસિંહ કાળુભાઈ સોલંકી હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. એટલે કે, એ હકીકત ખુબ જ સ્પષ્ટ છે કે, તા.૧૩/૦૬/૨૦૨૩ નાં રોજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ., અમદાવાદને પરીક્ષણ અર્થે તા.૦૧/૦૭/૨૦૨૩ નાં રોજ મળેલ છે એટલે કે લગભગ ૧૭ દિવસ બાદ આ મુદ્દામાલ એફ.એસ.એલ., અમદાવાદને પરીક્ષણ અર્થે મળેલ છે. આ ૧૭ દિવસ દરમ્યાન આ મુદ્દામાલ કોની કસ્ટડીમાં હતો અને તે મુદ્દામાલ સેફ કસ્ટડીમાં હતો અને સીલબંધ હતો તેવો કોઇ જ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ ફરિયાદપક્ષ તરફથી એફ.એસ.એલ., અમદાવાદનો મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ પણ રજૂ કરવામાં આવેલ નથી. પરંતુ આ અહેવાલ વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે. તેમજ સમગ્ર ટ્રાયલ દરમિયાન ફરિયાદપક્ષ તરફથી મુદ્દામાલ અત્રેની અદાલત રૂબરૂ રજૂ કરવામાં આવેલ નથી.

**(૨૧)** આમ, ઉપરોકત તમામ હકીકતો જોતા ફરિયાદપક્ષના કેસની થીયરીને પંચોએ કોઇ સમર્થન આપેલ નથી તેમજ જે મુદ્દામાલ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ છે તેને યોગ્ય રીતે સીલ કે સીઝ કરવામાં આવેલ નથી તેમજ મુદ્દામાલનું પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ ઉપર કરેલ નથી પરંતુ પોલીસ સ્ટેશનમાં કરેલ છે તેમજ આ નમુના ૧૭ દિવસ સુધી કોની કસ્ટડીમાં અને કેવી સ્થિતિમાં હતા તે અંગેનો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર નથી. તેમજ મુદ્દામાલ ટ્રાયલ દરમિયાન અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં, મકાનની માલીકી, કબજા ભોગવટાનો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર નથી અને તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોના કોઇ નિવેદનો લીધેલા નથી. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ઉપરોક્ત તમામ સાહેદોનો પુરાવો

શંકાસ્પદ છે અને તે પુરાવાને વિશ્વસનીય, ભરોસાપાત્ર અને સુસંગત પુરાવો કહી શકાય નહીં અને આવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચાનાં અંતે હું એવુ મંતવ્ય ધરાવુ છુ કે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છુ.

**-:: હુ ક મ ::-**

(૧) ધી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૨૫૮(૧) (ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૩૫(૧)) મુજબ આરોપી નાનાનીબેન વા/ઓ વિક્રમભાઈ જયંતિભાઈ તળપદાને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૮ તથા પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ), ૮૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં જામીન તથા જામીન ખત રદ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ધી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૮૧ (ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ- ૪૩૭ (એ)) મુજબ જો આ હુકમ સામે અપીલ થાય તો અપીલનાં કામે હાજર રહેવા માટે આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો છ માસનાં સમય સુધીનાં રજુ કરવા.

(૪) સદર કેસ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ કમીટ કરી અત્રેની અદાલતમાં મોકલવામાં આવેલ છે. ત્યારબાદ મુદ્દામાલ માટે વારંવાર યાદી કરવામાં આવેલ છે. તેમજ તપાસ કરનાર અમલદાર અને પ્રોસિક્યુશનને પણ તેની જાણ કરવામાં આવેલ છે. તેમજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ એસ.પી.શ્રી, ખેડાને પણ આ મુદ્દામાલ બાબતે પત્ર લખવામાં આવેલ છે. તેમછતા કેસની સમગ્ર ટ્રાયલ દરમિયાન મુદ્દામાલ અત્રેની અદાલત રૂબરૂ રજૂ કરવામાં

આવેલ નથી. જેથી મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજ તા.૧૦ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૦/૦૪/૨૦૨૬
સ્થળ : નડીઆદ

**(મહંમદસિરાજ એલ.શેખ)**
પાંચમા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જીજે-૦૦૭૪૩.

(પી.વાય.સોલંકી)